ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૧૪ એપ્રિલ, ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!

## સુવિધાઓ માટે સજધજતું બોરસદ તાલુકાનું ગામ

# મોટી શેરડી



## મહી નદી કિનારે વસેલું મોટી શેરડી હરિયાળા ગામ તરીકે સમગ્ર આણંદ જિલ્લામાં અગ્રીમ હરોળમાં છે




**મોટી શેરડીતાલુકામથક બોરસદથી 16 કિમી અને જિલ્લા મથક આણંદથી 32 કિમી અંતરે આવેલું છે**

આણંદ જિલ્લાના બોરસદ તાલુકામા આવેલા મોટી શેરડી ગામમાં જનસંખ્યા અને જનજીવન સામાન્ય છે. તાલુકા મથક બોરસદથી 16 કિમી દૂર અને જિલ્લા મથક આણંદથી 32 કિમી દૂર આવેલું છે. મોટી શેરડી ગામના પ્રારંભિક વસવાટ બાબતે સ્થાનિક લોકો સાથે ચર્ચાથી જાણવા મળ્યું મુજબ આશરે સાતસો વર્ષ અગાઉ લોકોએ સૌ પ્રથમ વસવાટ કર્યો હોવાનું માનવામાં આવે છે.

ગામની દક્ષિણ દિશા તરફ બોરસદ તાલુકાનું જ નાની શેરડી ગામ આવેલું છે. તેની પશ્ચિમ દિશા તરફ ખેડાસા ગામ આવેલું છે. ઉત્તરે બોરસદ તાલુકાનું પીપળી ગામ અને પૂર્વ દિશામાં નવાપુરા કિંખલોડ આવેલું છે. વર્તમાન સમયમાં ગામમાં વિવિધ સમાજના લોકો વસવાટ કરે છે. ગામમાં હાલ પરમાર, ઝાલા, મકવાણા, સોલંકી, પઢીયાર, રબારી, પ્રજાપતિ વાલ્મિકી વણકર રોહિત વગેરે સમાજના લોકો હળીમળીને રહે છે. ગામમાં દરેક વાર તહેવાર સૌ ગ્રામજનોના સહયોગથી ઉજવવામાં આવે છે.

ગામના લોકોને સરળતાથી જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ ગામમાં જ ઉપલબ્ધ થાય તેવું નાનું બજાર છે. ગામની વિશાળ ભાગોળે જ નાના મોટા દુકાનદારો જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓનુ વેચાણ કરે છે. ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. બન્ને વ્યવસાય સ્થાનિક રહીશો માટે આર્થિક સમૃદ્ધિ અને જીવન નિર્વાહ માટે અગત્યના છે. આઝાદી બાદ સ્થાનિક લોકો દ્વારા ખેતી સાથે સાથે પૂરક વ્યવસાય તરીકે પશુપાલનને મહત્વનું ગણ્યું છે.

ગામમાં અગાઉ શિક્ષણનુ પ્રમાણ ખૂબ નહીવત હતું છતાં પણ છ દાયકા અગાઉ નજીકના ગાયકવાડી શાસન દરમિયાન ખુબ અગ્રેસર ગણાતા ભાદરણ ગામની શૈક્ષણિક સંસ્થાઓ તેમજ બોચાસણ અને બોરસદ ખાતે ઉચ્ચ શિક્ષણ મેળવીને ઉચ્ચ કારકિર્દી બનાવી હતી. છ દાયકા પહેલાં ગામમાં ગણ્યા ગાંઠ્યા લોકો જ શિક્ષણ પ્રત્યે જાગૃતિ કેળવીને પ્રાથમિક શિક્ષણથી વધુ ઉચ્ચ અભ્યાસ મેળવ્યો હતો. જોકે છેલ્લા વીસેક વર્ષથી શિક્ષણ પ્રત્યે વધુ સજાગતા આવતાં ગામમાં ઉચ્ચ શિક્ષણ પ્રમાણ નોંધપાત્ર રહ્યું છે.

મોટી શેરડી ગામ બોરસદ વિધાનસભા મતવિસ્તાર અને આણંદ લોકસભા મતવિસ્તાર હેઠળ આવે છે. મોટી શેરડીની મોટી આર્થિક પ્રવૃત્તિઓ અને ખરીદી માટે બોરસદ સૌથી નજીકનું શહેર છે. ગામમાં હાલ વાહનવ્યવહાર માટે પોતાની માલિકીના વાહનો ઉપરાંત ખાનગી વાહનો દ્વારા મુસાફરી કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને શાળા કોલેજો ખાતે જવા આવવા માટે એસ ટી ડેપો દ્વારા વ્યવસ્થા કરીને દિવસ દરમિયાન ત્રણ બસ રૂટ ચલાવવામાં આવે છે.મહીં નદી કિનારે બોરસદ તાલુકાની સરહદ પર આવેલુ મોટી શેરડી ગામ રઢિયામણું છે. ગામમાં ખેતીની જમીન ખૂબ જ ફળદ્રુપ છે. જેમાં મોટે ભાગે અનાજ, તમાકુ, ઘઉં , બાજરી વગેરે મુખ્ય પાકો લેવાય છે. જયારે અન્ય રોકડિયા પાકો નહિવત જોવા મળે છે.

## જનપ્રતિનિધિઓની જાગૃતિ પગલે આરસીસી રોડ, પગદંડી રસ્તાઓ અને ખુલ્લા ચોગાનમાં બ્લોક વગેરે સુવિધાઓ ઉપલબ્ધ થઇ છે

બોરસદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સૌથી વધુ અલ્પવિકસિત ગામમાં ગણાતું ગામ મોટી શેરડી છેલ્લા કેટલાક વર્ષોથી વિકાસ માર્ગે આગળ વધી રહ્યું છે. મોટી શેરડી ગામમાં ખુબ ઓછી જનસંખ્યા ધરાવતા ગામમાં મોખરાનું ગામ છે.




ગ્રામ પંચાયત મોટી શેરડીના શાસન હેઠળ ગામમાં સમયાંતરે પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે સરકારી યોજનાઓનો લાભ મેળવવામાં આવે છે. ગામમાં આર્થિક સમૃદ્ધિ ના હોવાથી માત્ર સરકારી ગ્રાન્ટની ફાળવણી આધારે જ જરૂરી વિકાસ કામોના લાભ માટે સરકાર પર જ નિર્ભર રહેવું પડે છે. જોકે છેલ્લા બે દાયકાથી મોટી શેરડી ગામમાં ચુંટાયેલા લોકપ્રતિનિધિઓની જાગૃતતાને પગલે ગામમાં આરસીસી રોડ, પગદંડી રસ્તાઓ અને ખુલ્લા ચોગાનમાં બ્લોક વગેરે સુવિધાઓ ઉપલબ્ધ થયેલ છે. ગામમાં પાણીની સુવિધા માટે વોટર વર્કસ કાર્યરત છે.

ગામમા યુવક મંડળ અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ સાથે ખુબ જ જાણીતું છે. યુવક મંડળના યુવાનો ખૂબ સારુ કામ કરે છે. પૌરાણિક મહાદેવ મંદિર અને શનિ દેવ મંદીરનો જિર્ણોધ્ધાર યુવાનોની જહેમતથી થયો છે. ગામના તમામ લોકોની ઉપસ્થિતિમાં દર વર્ષે બન્ને મંદીરના પાટોત્સવ પણ ધામધૂમથી ઉજવાય છે. ગામમાં કોઈ જ પ્રકારની હુંસાતુંસી ક્યારેય પણ થયેલ નથી. યુવાનોની એકતા માટે ગામ પંથકમાં ખુબ જ જાણીતુ બન્યુ છે. દરેકે દરેક યુવાનો ખભેખભા મિલાવી ગામના તમામ પ્રસંગોમા મદદરૂપ થાય છે. ગામનો સારો એવો વિકાસ આ યુવાનોને આભારી છે



## મોટી શેરડી ટાઉન ટોક

### -: મોટી શેરડી ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 569 |
| કુલ વસ્તી | 2626 |
| કુલ પુરૂષો | 1397 |
| કુલ સ્ત્રીઓ | 1229 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 88.63 |
| પુરૂષ સાક્ષરતા દર | 93.68 |
| સ્ત્રી સાક્ષરતા દર | 82.94 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 314 |
| ખેત મજૂર | 409 |
| સીમાંત વર્ગ | 172 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 237 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 442 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 1644 |
| ગાય | 314 |
| ભેંસ | 1330 |
| અન્ય | 00 |

### -: જમીન ક્ષેત્રફળ :-

606 હેક્ટર 27 આરે 57 ચો. મી.
કાયમી ગૌચર અને ચરણ 14 હેક્ટર 93 આરે 02 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર
2. તમાકુ
3. બાજરી
4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 01 |
| માધ્યમિક શાળા | 00 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 00 |
| વિદ્યાર્થીઓ | 146 |

### -: પીવાના પાણીની સવલત :-

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 426 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 454 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 05 |
| ખેતી વિષયક જોડાણ | 32 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 280 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 395 |
| BPL કાર્ડ ધારકો | 270 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 051 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 30 |
| વિધવા સહાય | 20 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 01 |